**Shikshan Sanshodhan : Journal of Arts, Humanities and Social Sciences** ISSN: 2581-6241 Volume - 3, Issue - 5, Sept-Oct – 2020
Bi-Monthly, Peer-Reviewed, Refereed, Indexed Journal Impact Factor: 3.589
Received on : 04/09/2020 Accepted on : 23/09/2020 Publication Date: 30/09/2020

# 'પિયાલો' વાર્તાસંગ્રહની વાર્તાસૃષ્ટિ

**શ્રીમાળી દીપકકુમાર ખેમાભાઈ**
શોધછાત્ર, પી.એચ.ડી, હેમ ઉ.ગુ.યુનિ., પાટણ.
Email : dipakshrimali85@gmail.com

**સારાંશ :-** કનુ આચાર્ય લિખિત 'પિયાલો' વાર્તાસંગ્રહમાં ચૌદ વાર્તાઓમાં જીવનના વિવિધ રંગોને, સમાજની વાસ્તવિક પરિસ્થિતિને, માનવીય લાગણીઓ અને સ્ત્રી સંવેદનાઓ નો ચિતાર રજુ કરવામાં આવેલ છે. દરેક વાર્તાઓ પોતાનુ આગવું અસ્તિત્વ ધરાવે છે. તેમાં રહેલા ભાવો, પાત્રગત ચેષ્ટાઓ ગ્રામ્ય તેમજ નગર સંસ્કૃતિના સમાજજીવનના દર્શન થાય છે. સર્જકના ઉત્તમ વાર્તાકૌશલ્ય અને વાર્તાકરામતનો કયાસ અહીં જોવા મળે છે.

**સૂચક શબ્દો:-** હાળી,હાંહલા, અસ્તરી, હાકોટો, ધરમેલું, ટચાકા, કેટ,ચયણામત, ગોસર.

**1. પ્રસ્તાવના:-**

શ્રી કનુ આચાર્ય લિખિત 'પિયાલો' વાર્તાસંગ્રહની દુનિયામાં એક માઈલ સ્ટોન છે. શ્રી કનુ આચાર્ય એ ગુજરાતી સાહિત્યમાં આગવું પ્રદાન આપેલ છે. તેમણે નવલિકા, રેખાચિત્રો, ધાર્મિક પુસ્તકો ક્ષેત્રે યોગદાન આપેલ છે.તેઓએ સંશોધનક્ષેત્રે બનાસકાંઠા અને ઉત્તર ગુજરાત વિસ્તારના વિવિધ સંશોધન આપ્યા છે. સંપાદનક્ષેત્રે પણ છ પુસ્તકો આપેલા છે. નવલકથા ક્ષેત્રે પણ ઉત્તમ પ્રદાન કરેલ છે.

પોતે વિવિધ પારિતોષિકોથી સન્માનિત થયેલા સાહિત્યકાર છે. અત્રે મારો તેમની 'પિયાલો' વાર્તાસંગ્રહ ની વાર્તાસૃષ્ટિ ઉપર સંશોધનાત્મક લેખ રજૂ કરવાનો નમ્ર પ્રયાસ છે.

કનુ આચાર્યની વાર્તા સંગ્રહો કુલ ૧૪ વાર્તાઓનો સમાવેશ થાય છે આ બધી વાર્તાઓ એકબીજાથી ભિન્ન અને ચડિયાતી જોવા મળે છે. એક વાર્તાકાર તરીકે સમાજની વાસ્તવિકતા, સમાજના નૈતિક મૂલ્યો, સમાજમાં રહેતા માણસની ભલાઈ અને બુરાઈ ના દર્શન થાય છે.

વાર્તાકારે અહીં પાત્રોના ભાવો તેમના વાર્તાકૌશલ્ય અને ચરિત્ર ચિત્રણને કારણે સાર્થકતા પામ્યા છે. પાત્રોની સંવેદના, પરિસ્થિતિ, ભાષા શૈલી, અભિવ્યક્તિની કળા એ બધામાં ઉત્તમ સર્જકના દર્શન થાય છે.

2. **પિયાલો:-**

'પિયાલો' વાર્તામાં અનન્ય સંબંધ જોવા મળે છે. રક્તસંબંધ કરતાં પણ ચઢિયાતો પ્રેમનો વાત્સલ્યનો આત્મીયતાનો માતૃત્વનો પિયાલો અહીં જોવા મળે છે.ધરમી પોતાને ત્યાં હાળી તરીકે રહેલા નાથિયા સાથેના પુત્રવત્ મમતાપૂર્ણ સંબંધોથી જોડાઈ ગઈ છે. એની અનુપસ્થિતિમાં તેની એકલતા વર્તાય છે.

"હાય... હાય.... મુઇ મું? કેટલા રોટલા ઘડી નાખ્યા? બબડતાં બબડતાં છાબડીમાં એ ગણવા બેઠી આ બે નાથિયાના માહાના... આ એક મારો, ને ? એ અટકી ગઈ. નાથિયો મુઓ બે રોટલા ટટકાવી જાતો... નાથિયાને દસ વર્ષ અગાઉ તેની મા ધરમી પાસે હાળી તરીકે મૂકીને 10000 રૂપિયા લઈ ગઈ હતી. અકાળે નાથીયા ના પિતા ગુજરી ગયા.

"દીચરો નઈ, મારું કાળજું સૂપું સું, હોં...! ધરમી...!" મરણપથારીએ પડેલી કંકુએ કંપતા હાથે નાથિયાનો હાથ ધરમીના હાથમાં મૂકતાં કહેલું. (પૃ.૧૧)

હાળીને અફીણના વ્યસને ચડાવીને કાયમી ખેતરમાં રાખવાની બદીનો ભોગ નાથિયા ન બને તે માટે ધર્મી એ લખમણને ચોખ્ખી ના પાડી હતી. "ના....ના...મું અફીણનો બંધાણી તો નાથિયાને નંઈ જ બનાવું. કદી ય નંઈ" મક્કમ સાદે તેણે ના પાડેલી. અચાનક નાથિયા નો મામો આવીને ધરમી પાસેથી લઈ જાય છે. ધરમી નાથિયાના અભાવમાં વિલાય છે. પરંતુ નાથીયો પણ તેની સાથે સ્નેહની કડી થી જોડાયેલો હોવાથી પાછો આવે છે.વિહોજી ઠાકોર ધરમી સામે ધસ્યો."શું પઇ દીધું છે મારા ભાણિયાને, હે ? મંતરેલું પાણી કે પછે કે કાંઈ તંતર-મંતર કર્યુ છે?" બેબાકળી બની ગયેલી ધરમી હાથ વીંઝતા બોલી "આયો... મારો નાથિયો આયો ને!" (પૃ.૧૨)

અહીં ધરમીએ માતૃત્વનો વાત્સલ્ય, નિર્દોષ પ્રેમ પિયાલો પીવડાવ્યો છે .એ ચરિતાર્થ થાય છે.

### ❖ માટી નો કોઠો:-

નવપરણિતા સૂરજની સાસરેથી પિયરની સફર અને એમાં લગ્નના આણા દરમિયાન વિતાવેલી ક્ષણોને મનમાં વાગોળ્યા કરે છે પતિ ગજેન્દ્રના માતા અને ભાભી દ્વારા થયેલ વખાણ કોઈકવાર ગમે તો કોઈક વાર ખૂંચે છે.

ભાભી એ કહેલું મને યાદ આવ્યું - "બીજો આદમી હોય ને તો બૈરીને માંડ-માંડ પિયર જાવા દયે. પેલા આણાનો તો સ્વાદ જ કાંઈક નોખો પણ મારા દેર બિચારાં હાંહલા જેવા પોચા છે તે...ને એ ફગ ફગ ફક્ત હસી પડ્યાં.મારા ચહેરા ઉપર અણગમાની કી તીખી બરડ ધાર નીકળી આવી. (પૃ.૧૩)

કુંવારી સૂરજ અને પરણેલી સૂરજમાં ખૂબ પરિવર્તન આવી ગયું છે. "ભગી ફઈ કે'...કે...અસ્તરીની કાયા જ ભીની માટીની. જરાક કાંક થાય ને માટી તરપવા માંડે. પણ સૂરજબા તો લોઢાનું કવચ પેરીને આઈ છે... રાજા કરણ ની જેમ..." (પૃ.૧૯)

સૂરજ અને તેજુ આ બંને ખાસ બહેનપણીઓ ઘણીવાર મસ્તીમાં પતિ કેવો મળશે? તેની વાતો કરતી શિવજી જેવો પતિ પામવા શિવલિંગ ઉપર દૂધ પણ ચઢાવતી જે દિવસે સૂરજબાના લગ્ન થયા ત્યારે તેના કરતાં તો વધુ તેજુડી રડી હતી. આજે સાસરેથી પરત આવીને સુરજબા તેજુડીને મળવા આકુળ-વ્યાકુળ છે. તેજુડીને પણ સૂરજપરણીને ગઈ ત્યારની સૂનમૂન અને ખાધા-પીધા વિના તેની રાહ જોઈને બેસી રહી હોય છે. તેજુડી સૂરજને મેં તેના પતિ વિશે પૂછે છે. સુરજના મનમાં ધમાસાણ ચાલે છે. અને તેની બાથ ભરીને ખૂબ રડે છે. આજુબાજુના પડોશીઓ ત્યાં આવી જાય છે.અહીં સૂરજબા ના મનમાં ચાલતું દ્વંદ ચરમસીમાએ પહોંચે છે. જે કોઈને કહી શકતી નથી અને તેજુડીને પોતાની સખીને દેખી આ બધો બળાપો રડીને બહાર કાઢે છે.

### ❖ વિક્ષોભ:-

અમીએ પોતાના પતિ સુરેશની નોકરી બચાવવા માટે તેના શેઠની પ્રિયંકની અયોગ્ય માંગણીનો સ્વીકાર કર્યો છે. સુરેશના મનમાં તેના શેઠ પ્રત્યે માન છે. પરંતુ તે એક વાસનાનો ભૂખ્યો વરુ છે અને તે અમીને પોતાની વાસનાનો ભોગ બનાવે છે. એક મધ્યમ વર્ગ ની પત્ની અમી જ્યારે પ્રિયંક સાથે નાછૂટકે સંબંધ બાંધી આવ્યા પછી એની મનની સ્થિતિ ખૂબ દુ:ખદાયક બને છે. વિચારોનું વાવાઝોડું તેના મગજમાં અફડાતફડી મચાવે છે.

"લોહી દોડવાના ધબકારા હજુ સંભળાતા હતા. દોડી સીધી બાથરૂમમાં સ્નાન કરીને પ્રિયંકના સ્પર્શને... શ્વાસને ઉતરડી નાખું? થયું કે ચામડીની છોલી નાખું? હોઠ ભીસ્યા. બધાં કપડાં કાઢીને જોરથી દિવાલ માથે ફંગોળ્યા. કપડા એરુની જેમ ગૂંચળું વળી ગયાં. મને એકાએક તણખ્યું - આ કપડાંને દીવાસળી મૂકી દીધી હોયતો? એ બોક્સ લેવા રસોડા તરફ ધસી." (પૃ.૨૩)

પોતાની જાત પ્રત્યે અપરાધભાવ અનુભવે છે. મંદિરમાં પણ પ્રવેશ કરતી નથી. તે સુરેશ ને કહે છે. 'અંદર અવાય એવું નથી.' સુરેશ તેના પર ચિડાય છે. પણ સાધ્વી સત્યપ્રભાની અમીને સમજાવી મંદિરમાં લઈ આવે છે. સુરેશ તેના પર ગુસ્સે થાય છે. ત્યારે અમીને વધુ આક્રોશ થાય છે "અંદર ના પોપડા બહાર ધસી આવ્યાં. તેની મૂઠ્ઠીઓ ભિડાઇ ગઇ.શરીર થર...થર... કાંપવા લાગ્યું 'તું સુરેશ તું પણ મને ....?ને તેને જોરથી હાકોટો કર્યો માથું ધુણાવ્યું માથાના વાળ છૂટી ગયા."... (પૃ.૩૧)પૂજારીને લાગ્યુ કે અમીબેનના શરીરમાં માતા આવ્યા તેણે ધૂપ અને અગરબત્તી આપવાનું ચાલુ કર્યુ. પણ કોણ જાણે અમીના હદયમાં શું બળી રહયું છે. અપાર દુ:ખ લડી રહી છે.

### ❖ ડંખ :-

વાર્તામાં હરજી ભગત અને વાલી ડોશી કે જે ધર્મપરાયણ પ્રાણી-પક્ષી પ્રત્યે સહાનુભૂતિ ધરાવતા ગામના લોકો માટે કાયમી છાશ આપવાનો વર્ષોનો નિયમ દીકરા રવિની વહુ પોતાના ભણતર અને આયોજનના ગતકડાં હેઠળ લોકોને છાશ આપવાનું બંધ કરે છે. દૂધના આપતી ભેંસ ને પરાણ આપતી નથી. એક લાગણીવિહીન અને પૈસાની બચત કરવા માટે તે પશુ પંખીના ચારા-ચણ માં પણ કાપ મૂકે છે ઘરમાં ઝઘડો અને ત્યારબાદ પોતે ભૂતકાળમાં બનેલી ભોગ અને તેનો બદલો લેવા આપવાનું બંધ કરી એવું હરજી ભગત ને ખ્યાલ આવે છે.

"વાલી ડોશીના હોઠ ફફડ્યા.. રાંડ અસ્તરી ચરિતર... પણ હરજી ભગતે જોરથી નાદ પાડ્યો અંબે... અંબે... ને પછી મોટેથી બોલ્યા- કાર્ય કારણનોભેદ ગહન છે, મારા વાલા...! કારણ વગર કાર્ય ન હોય.... કાંટા ને નેહરવા દ્યો.. બઉ ઊંડો છે... કાળજું ધોવાય તો સત સમજાય...આ તો મનનાં પોટલાં ખૂલે છે..." (પૃ.૪૩)

❖ **દવા :-**

'દવા' વાર્તામાં મદારી-વાદી, વિચરતી વિમુક્ત જાતિની વાત છે. કથાનાયક મદારી જાતિનો છે પોતે ગોચરની જમીનમાં છાપરૂ બાંધીને રહે છે અસામાજિક તત્વો એ એનું છાપરું તોડી નાખ્યું અને અહીંથી છાપરૂ ખસેડવાની ધમકી પણ આપી અને ખૂબ માર માર્યો છે. કડિયા કામ પણ છૂટી ગયું છે. નસીબનો માર્યો દારૂ પીવે છે. બીજી બાજુ ઈશ્વરભાઇ નામના સમાજસેવક એને જ પ્લોટ અપાવશે કે જે વ્યસન કરતો નહિ હોય. દારૂ પીધેલી હાલતમાં આ ઈશ્વરભાઈ સાથે મુલાકાત થાય છે. પણ ગરીબ ની આંખ માં જોઈ સમ-સંવેદના અનુભવે છે.

"સમજુએ બે હાથ જોડ્યા. 'બચારા જીવ ઈએ શું કરે? દવા વણ તો આટલા ઘા ચમ ચમ રૂઝાય, હે... મને લાગ્યું કે દવાનો રેલો માયથી ફૂટીને સૂઝેલી આંખના થોથર પર લોહીના જામલી ચકામા પર ફોરી રયો છે. (પૃ. ૫૨)

❖ **મેરા દર્દ ન જાને કોઈ :-**

આ વાર્તામાં કુસુમનો પાત્રની મનોવ્યથા અને સુંદર રીતે પ્રગટ કરી છે. કુસુમ અહી રાઈનો પર્વત બનાવ્યો છે. પગમાં આવેલા સાધારણ તથા કાને ખૂબ મોટું સ્વરૂપ આપી દે છે. પોતાની પુત્રી દ્વારા અને અન્ય વ્યક્તિઓ દ્વારા અલગ-અલગ પ્રકારના સલાહ સુચના આપવામાં આવે છે. કેટલીક અંધશ્રદ્ધા તરફ પણ ખેચાય છે. ખૂબ રમૂજી તેવી વાર્તા છે. સાથે સામે સ્ત્રીની નારી સંવેદના પણ છલકાય છે.

'ક્યા હુઆ?'

'મેં મળ્યું ચોખા વીણતી થી, તે ઈશિતા કા મોબાઈલ આયા. મેં હડફ કરતી કને ઉઠી. તે ઈસમેં ટચાકા હુઆ.'

'પગમાં ટચાકા વો ક્યા હોતા હૈ ? ઉષા એકદમ દિવાલ નજીક આવીને ઊભી રહી.

'ઘૂંટણ... ઘૂંટણ... પગ... પગ...' કંહીને કહીને કુસુમે હાથથી પગ બતાવ્યો. 'અચ્છા... અચ્છા...પાંવ . ક્યા પાંવ મેં નયે ઘૂંઘરુ લાઈ?

'ના...ના... ટચાકા...ટચાકા... હિન્દીમાં બળ્યું શું કહેતા હે?' (પૃ. ૫૬)

❖ **મહારાણાનો અંશ:-**

આ વાર્તામાં એક ગરીબ માણસમાં પણ કેટલી ખુમારી અને સ્વાભિમાન રહેલા છે. તેના દર્શન થાય છે. વાર્તાનો નાયક ખેમાં ભાણામાં પણ મહારાણા પ્રતાપ જેવી ખુમારી છે ખેમાનો મહારાણા પ્રતાપ પ્રત્યેનો આદરભાવ ઉચ્ચ કક્ષાનો છે. ઠંડીમાં રજાઇઓ આપવા આવેલા યુવાનો પાસેથી રજા લેવાનો અસ્વીકાર પાત્રની ઉચ્ચ સિહાસન પર પ્રસ્થાપિત કરે છે.

"અમે શાલને ચાદરની આપવાની વાત કરી. પણ ખેમો કે 'એક ચાદર તો છે જ ...' ખેમાના ઘરમાં ગોદડા ગણીને બે અને એક રજાઇ તથા એક ચાદરુ હતું અને ખેમો કહે મારી પાસે બિછાવણો ને ઓડનો બોત હે...

બોત... મ્હાણે ઈની જરૂર જ કોની ... (પૃ. ૬૬)

❖ **ધરમેલું -**

ધરમની બહેન ધર્મિષ્ઠાબા માટે કોળી લખમણો જે બલિદાન-ત્યાગ આપે છે. તે અદ્વિતીય-અવિસ્મરણીય છે. પોતાની ધરમની બેનના પતિને કોઈ કલંક ન લાગે કોઈ આંચ ન આવે તે માટે રાજભા ને બચાવવા લખમણો જેલવાસ ભોગવી છે. નિસ્વાર્થ પ્રેમ સગાઈ ની ધારદાર રજૂઆત અહીં છે. અંતે એક બહેન જે પોતાના ભાઈ પ્રત્યે અણગમો હોય છે. તેની સાચી વાસ્તવિકતા જાણે છે. રાજભા લખમણાને જેલમાં મળવા જાય છે ત્યારે ...

"પછી પૂછ્યું, કોઈ ઈચ્છા?'

'ઈચ્છા તો...' લખમણે માથું ખણ્યું . 'બાપુ, ઈચ્છા પૂરી કરો તો કહું'

'કરીશ' રાજભાએ કહ્યું. 'મરદનું વચન' લખમણાએ બાપુ ને ઝાલ્યા. રાજભાથી હનુભા સામે જોવાઈ ગયું. પણ પછી નરવા નક્કોર સાદે કહ્યું. 'મરદનું વચન જા. આ રાજપૂતી લોહીનું વચન છે; જા!' આ બળેવ મારી બુન બા ને રાખડી બાંધવા લઈ આવજો.' હે? રાજભાને ગળામાં ચીસ આવી ગઈ...." (પૃ. ૭૫)

❖ **ચોપડા ચોખ્ખા કરવા છે:-**

**Shikshan Sanshodhan : Journal of Arts, Humanities and Social Sciences** ISSN: 2581-6241 Volume - 3, Issue - 5, Sept-Oct – 2020
Bi-Monthly, Peer-Reviewed, Refereed, Indexed Journal Impact Factor: 3.589
Received on : 04/09/2020 Accepted on : 23/09/2020 Publication Date: 30/09/2020

'ચોપડા ચોખ્ખા કરવા છે' વાર્તામાં રતુભાઈ મરણ પથારીએ છીએ. સૌ કોઇ એમનો જીવ જવાની રાહ જોઈને બેઠા છે પણ રતુભાઈ મથામણ અનુભવે છે. અચાનક સુરતા આવે છે અને ભૂતકાળના સ્મરણો વાગોળી કઇ વ્યક્તિના લેણા-દેણા બાકી છે તે યાદ કરે છે. તેની ચૂકવણી કરવા કહે છે. મૃત્યુની દિશામાં જતા રતુભાઇનો આ વ્યવહાર એકદમ સત્યનિષ્ઠ છે.

'ચંદુ, લે ,પાંચની નોટ લઈને મને દેવામાંથી મુક્ત કર ?'

ચંદુ સ્તબ્ધ થઈને ઊભો રહ્યો... હાથ લંબાવી શકાતો નથી.

'લઈલે ચંદુ, લઈ લે...તીરથે કરેલું દેવું લઈને ઉપર ના જવાય...' ને તારો ચોપડા ચોખ્ખો કર...!' (પૃ. ૮૬)

**'મારી પાસે પાંચસો ની નોટ છે, હો!'** વાર્તામાં નોટબંધી સમયે મધ્યમવર્ગની ગૃહિણીની શું વ્યથા હોઈ શકે તેના પરિચય આપવાનો સરળ પણ મહત્વનો પ્રયાસ કરે છે. બંધ થયેલી હજાર પાંચસો ની નોટો કપિલા પાસે નથી તેનો તેને ખૂબ આનંદ થાય છે પણ જ્યારે બધી સ્ત્રીઓ દ્વારા જાણવા મળે છે કે બધાની પાસે ઓછી-વધતી ઘણી નોટો છે. પોતાની પાસે એક પણ નથી તેનું દુઃખ થાય છે. છેવટે આખું ઘર શોધતા એક પાંચસોની નોટ મળે છે. અને ઘરે કામવાળી બાઈ પાસેથી હજારની પાંચ નોટો મળે છે. કપિલાને બેંકમાં બદલવા આપે છે. ત્યારે કપિલાને અને પોતાને બીજી સ્ત્રીઓની હરોળમાં પોતે છે એનો આનંદ થાય છે.

ઉભા રહો. આવું છું, હો !' કહીને હરખભેર અંદર દોડી પાંચસોની નોટ પોતાની અને સાડા ત્રણ હજાર ઝબીના લઈને એ ઝડપભેર બહાર આવી. વટભેર લાઇનમાં ઊભી ઊભી કયી કહેતી હતી કે 'બુન મારે તો કાલેય બેંકમાં આવવું પડશે. (પૃ. ૮૬)

### ❖ 'રાજધર્મ' :-

આ વાર્તાએ ધરમેલું વાર્તાનો ઉત્તર ભાગ કહી શકાય. રાજભા પોતે સરપંચ પદેથી રાજીનામું આપે છે. આ સમાચાર સાંભળી હનુભા તેમની શોધખોળ કરી છે લોકો તેમને સમજાવવાના અનેક પ્રયત્નો કરે છે. પણ રાજભા પોતાના નિર્ણય પર અડગ રહે છે.

ના ના એ તો મેં પહેલાં જ કહ્યું છે. જો તમે લખમણાને દોષિત સમજતા હો તો એ મારો હાળી છે. મારી લાડી નો ધરમેલાનો ભાઈ. અને પરિવાર પણ મારા ફાર્મ હાઉસમાં કામ કરે છે. ફરીયાદીએ જેના પર આરોપ મુક્યો છે એને અપરાધીઓને સ્વીકાર્યો છે; ત્યારે એ ગુનેગારના પરિવારનું સરપંચ સમર્થન કરે તો એ સરપંચ તરીકે રહેવા યોગ્ય નથી. રાજીનામું મૂકવો એ મારો રાજધર્મ છે. હું ક્ષત્રિય છુ. પ્રાણાન્તે પણ રાજીનામું પાછું ખેંચી શકું નહીં. મારો રાજધર્મ બજાવતાં કોઈ મને અટકાવશે નહીં. એટલી સર્વને મારી પ્રાર્થના છે' કહીને રાજભા ઊભા થઈ ગયા અને સડસડાટ ચાલી નીકળ્યા..." (પૃ. ૧૦૬)

### ❖ ' જો... જો... હું મોટો માણસ!' :-

આ વાર્તામાં કથાનાયક ગરીબીમાં ઉછરેલ અમલદાર બન્યો છે અને ઓફિસમાં બીપીએલ કાર્ડ રદ થતા કેટલીક સ્ત્રીઓમાં પોતાના બાળપણની સખી સેજુડી હોવાનો આભાસ થાય છે તે ભૂતકાળમાં સરી પડી છે. આ સેજુડીની ઈચ્છા હતી કે તે મોટો માણસ બને. તેની માને પણ મુક્તિ શેઠે રેશનકાર્ડ ગિરવે મુકાવ્યુ હતુ. અને પૈસા આપ્યા હોવા છતાં રેશનકાર્ડ પાછુ આપ્યો નહીં. આથી કથાનાયકની માની પણ પ્રબળ ઈચ્છા કે તેનો દીકરો મોટો માણસ બને.

પણ પોતાના હાથે જ આજે ઘણા બી.પી.એલ કાર્ડ થયાનો દુઃખ તેને થાય છે.

"જો...જો... સેજુડી, હું મોટો માણસ.... મારે કહેવુ હતું, ત્યાં તો તળેટી ફાટી. માંયથી ધગધગતો એક અવાજ ઊચકાયો...અરે, આ અવાજ તો ? મારી બઈ જ ! બઈનો જ અવાજ... ફાટી મુઆ, તું ય કેટ ગળી જ્યો ?" આ સંવાદ સાથે વાર્તામાં જબરદસ્ત અંત આવે છે વાર્તાકારે અહીં પ્રણય અને કરુણરસનું ગજબ આલેખન કરેલ છે.

### ❖ સવળે ખોબે:-

આ વાર્તામાં કથા સત્સંગથી દુર્જન પણ સહજતાથી સજ્જન બની જાય છે તેનું ઉત્તમ ઉદાહરણ છે. નથા રામાએ ગૌચરની પચાવી પાડેલી જમીન કથા સાંભળ્યા બાદ ગૌચરને પરત આપી દેવાની વૃત્તિ જાગે છે. લોકો જ્યારે નથા રામાને વાડ કાપતા જોઈ લોકો ને ખોટો આભાસ થાય છે. વાસ્તવિકતા તદ્દન નોખી જ તરી આવે છે.

"તેણે કહ્યું – બાપજી, ઓલી ચરણામતની ઝારી સેને, ઈ લાવો ને નાખો પાણી. ગોસરની જમીન ગોસરને સુરજ ચંદરને હાખે પાસી....' કહિને તેણે હાથનો ખોબો બાપજી સામે ધરી દીધો....." (પૃ. ૧૨૩)

❖ **'જય પરાજય'** :-

આ વાર્તામાં લેખક કે હાલની પરિસ્થિતિ સામાજિક સ્થિતિનું વાસ્તવદર્શન કરાવેલ છે.

વૃદ્ધાશ્રમમાં આવેલા ભાવના અને પ્રાણદાસને ગોદાવરી અને ભાનુ દ્વારા તમને ખૂબ સારી પુત્રવધુ મળી છે. તેના વખાણ સાંભળી તથા સાચી વાસ્તવિકતા સાંભળી બંને નુ કળેજુ કપાય છે. મનમાં અનેક ગૂંગળામણ થાય છે. છેલ્લે ભાવના પોતાના પતિનું અપમાન ન થાય એ માટે વૃદ્ધાશ્રમનો સ્વીકાર કર્યો – એ ઘટસ્ફોટ પ્રવિણભાઇ માટે ભાવના ની લાગણીને આશ્ચર્યભાવે જોયા કરે છે.

"હું અને મણી માસી સ્તબ્ધ બની ગયા. મને કળ વળી, ત્યારે મને થયુ કે હું ભાવનાને હચમચાવી નાંખીને પૂછું કે મારા માટે? ફક્ત મારા માટે? તારા અપમાનનું તો કંઈ નહિ? હજારો વર્ષની સ્ત્રી તુ અમારા માટે જ ?" (પૃ. ૧૩૧)

ઉપરોક્ત ચૌદ વાર્તાઓમાં સર્જકે જે પોતાની વાર્તાકલાનો નિચોડ આપ્યો છે. એક કરતા એક ચડિયાતી વાર્તાઓ આ વાર્તાસંગ્રહમાંથી આપણને પ્રાપ્ત થાય છે. વાર્તામાં વૈવિધ્ય, ભાષાશૈલી, અલંકારો, જોરદાર સંવાદ, ધારદાર રજૂઆત અને હાલની વાસ્તવિકતાનો સુંદર સમન્વય કરેલ છે.

વાર્તાસંગ્રહની વાર્તા માં વિષય વૈવિધ્ય અને વાર્તાના વળાંકો અને રહસ્યભંગની ગજબ કળા જોવા મળે છે.

ગુજરાતી સાહિત્યની ઉત્તમ વાર્તાસંગ્રહમાં 'પિયાલો' પોતાનું અલગ અસ્તિત્વ ધરાવે છે.

**સંદર્ભ :**

1. પિયાલો, રન્નાદે પ્રકાશન, પ્રથમ આવૃતિ 2018, અમદાવાદ.